ક્રિ. પ.અ.નં. ૧૪૬/૨૦૨૪

**-:આંક :૧ હેઠળ હુક મ :-**

(૧) આ કામના અરજદાર : રશ્મિકાબેન રમેશભાઈ પાંડોરનાઓએ આ કામના સામાવાળા નં ૧. રમેશભાઈ બલુભાઈ પાંડોર નાઓ પાસેથી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ અન્વયે પરચૂરણ ફોજદારી અરજી નં.૨૨/૨૦૨૨ ની દાખલ કરેલ જે અન્વયે કરવામાં આવેલ હુકમ અનુસાર અરજદારની ચડત ભરણપોષણની રકમ તથા ઘરભાડા પેટેની રકમ, અરજીના ખર્ચની રકમ તથા માનસીક યાચનાના વળતરની રકમ વસુલ મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) હાલની અરજી મુજબ અરજદારે સામાવાળા નં. ૧ પાસેથી પરચૂરણ ફોજદારી અરજી નં.૨૨/૨૦૨૨ની અરજીની તારીખ ૧૪/૦૩/૨૦૨૨ થી ભરણપોષણના માસીક રૂા. ૩૦૦૦/-, અરજીના હુકમની તારીખ ૨૦/૦૩/૨૦૨૨ થી ઘરભાડા પેટે માસીક રૂા. ૫૦૦/-તથા અરજીના ખર્ચના રૂા. ૫૦૦/- તથા માનસીક યાચનાઓના રૂા. ૫૦૦૦/- મળી કુલ રૂા. ૮૮,૦૦૦/-ચૂકવી આપે અગર તેની હરકોઈ પ્રકારની જાત મિલકતમાંથી વસુલ લઈ અપવાવા અગર સામાવાળા નામદાર કોર્ટના હુકમનો અનાદર કરે તો શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરતાં તેઓને નોટીશ બજી ગયેલ તેમજ તેઓ તેમના વકીલ સાથે તા. ૧૯/૧૧/૨૦૨૪ ના રોજ હાજર પણ થયેલ. ત્યારબાદ તેઓએ રકમ ભરવા આંક- ૭ ની મુદતઅરજી આપતા તે મારા પુરોગામી જજ દ્વારા મંજુર કરવામાં આવેલી. પરંતુ ત્યારબાદ આજદીન સુધી સામાવાળા નં ૧ કયારેય કોર્ટમાં હાજર રહેલ નથી.

(૪) અરજદાર પક્ષે વિ.વશ્રી.ને સાંભળ્યા.અરજદાર પક્ષે થયેલી રજુઆતો ધ્યાને લેતાં ફો.પ.અરજી નં.૨૨/૨૦૨૨ના કામે થયેલ હુકમ મુજબ અરજદારને ભરણપોષણની, ઘરભાડા પેટેની, અરજીના ખર્ચની તથા માનસીક યાચનાની રકમ ચુકવવાની સામાવાળાની ફરજ બને છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમીનલ રીવીજન અરજી નં. ૨/૦૮ ના કામે ઠરાવેલ છે કે, ભરણપોષણ હેઠળહુકમ કરવા માટે હકુમત ધરાવતા મેજીસ્ટ્રેટને ભરણપોષણની રકમ નહી ભરનારને ક્રી. પ્રો.કોડની કલમ-૧૨૫(૩) હેઠળ દરેક એક માસના ડીફોલ્ટ માટે ત્રીસ દિવસની કેદની સજા કરવાના પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં હાલના કેસમાં સામાવાળા નં ૧ રમેશભાઈ બલુભાઈ પાંડોર નાઓએ અરજદારને ભરણપોષણ પેટે કે ઘરભાડા પેટે , અરજીના ખર્ચના તથા માનસીક યાચનાની કુલ રકમ રૂા. ૮૮,૦૦૦/- હાલની અરજી કર્યા સુધી હુકમ મુજબની કોઈ રકમ ચુકવી આપેલ નથી. એટલ ે કે ૨૭ માસની ચડેલ ભરણપોષણની રકમ અને ત્રણ માસની ચડેલ ઘરભાડા પેટેની રકમ, અરજીના ખર્ચની રકમ તથા માનસીક યાચનાની રકમ ભરપાઈ કરવા માટે ડીફોલ્ટ થયેલ છે. સામાવાળાએ અરજદારનુ ભરણપોષણ કરવાની તથા અન્ય જરૂરીયાત પુરી કરવાની પણ જવાબદારી છે અને ભરણપોષણથી તેઓ વંચિત રહેલ છે અને સામાવાળા ભરણપોષણની તથા અન્ય હુકમ મુજબની રકમ ચુકવવામાં બેદરકાર રહેલ છે તેવા સંજોગોમાં સામાવાળાની વર્તણુંક તથા ઉપરોકત કરેલ ચર્ચા તેમજ હાલના કેસના સં જોગો સાથે પરિસ્થિતિ ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ક્રીમી. રીવીજન અરજી નં.૨/૨૦૦૮ ના કામે આપેલ ચુકાદો ધ્યાને લેતાં તથા બંને પક્ષેની રજુઆત ધ્યાને લઈ આ કામના સામાવાળાને એક માસના કસુર

બદલ દિન–૨૦ લેખે સજા કરવાનુ યોગ્ય અને ન્યાયી લાગતા નીચે મુજબનો હુકમ કરુ છુ.

–// હુક મ //–

૧. આ અરજીમાં જણાવ્યા મુજબ સામાવાળા નં ૧ રમેશભાઈ બલુભાઈ પાંડોરનાઓએ અરજદારને તારીખ ૧૪/૦૩/૨૦૨૨ થી હાલની અરજીની તા. ૨૦/૦૬/૨૦૨૪ સુધીના ભરણપોષણના માસીક રૂા. ૩૦૦૦/– લેખે ૨૭ માસના કુલ રૂા. ૮૧૦૦૦/–, ઘરભાડા પેટે હુકમની તારીખ ૨૦/૦૩/૨૦૨૪ થી હાલની અરજીની તારીખ ૨૦/૦૬/૨૦૨૪ સુધીના માસીક રૂા. ૫૦૦/– લેખે ત્રણ માસના કુલ રૂા. ૧૫૦૦/– તથા અરજીના ખર્ચના રૂા. ૫૦૦/– તથા માનસીક યાચનાઓના રૂા. ૫૦૦૦/– મળી કુલ રૂા.૮૮,૦૦૦/–પુરા ચૂકવવામાં નિષ્ફળ જતાં તેઓને ચડેલ ભરણપોષણની તથા ઘરભાડાની રકમ તથા અરજીના ખર્ચના અને માનસીક યાચનાની રકમ ચૂકવવાનાં કસુર બદલ એક માસના દિન–૨૦ લેખે ૨૭– માસના કુલ–૫૪૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સામાવાળા વિરૂધ્ધ જેલ વોરંટ ઈસ્યુ કરવું.

૩. સદરહુ જેલ વોરંટની યોગ્ય અમલવારી કરી અત્રેની કોર્ટને રિપોર્ટ કરવા અંગેની સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

૪. જો સામાવાળા બાકી ચડત ભરણપોષણની રકમ તથા ઘરભાડાની રકમ તથા અરજીના ખર્ચની રકમ કે માનસીક યાચનાની રકમ અરજદારને ચૂકવી આપે તો તેને સત્વરે મુકત કરવો અને તેની જાણ અત્રેની અદાલતને ત્વરીત કરવી. તે સંબંધે જેલરશ્રીને અલગથી યાદી કરવી.

હુકમ આજ તારીખ : ૭ મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : મેઘરજ
તા.૭ /૦૪/૨૦૨૬

(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)
એડીશનલ સીવીલ જજ અને
જ્યુ.મેજી.ફ.ક., મેઘરજ
જીજે૦૧૪૦૮